
1BGM2

# “મારા પ્રભુ અને મારા દેવ.”

( સંત થોમા ભારતમાં )




ધી ક્રિશ્ચિયન લીટરેચર સોસાયટી, મદ્રાસ

# "મારા પ્રભુ અને મારા દેવ"

IBGM1

(સંત થોમા ભારતમાં)

(બાઇબલ અને દંતકથાઓને આધારે)

લેખકો :

ક્રિસ્ટાઈન એમ. મેકકવીન

અને

જોય આર. ટાન્ગાચ્યા

અનુવાદક

પરમાર લાયનલ એચ. સોલોમન

(ધી ક્રિશ્ચિયન લીટરેચર સોસાયટી)

મદ્રાસ

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

# આમુખ

દક્ષિણ ભારતમાં ખ્રિસ્તીધર્મની શરૂઆત કરનાર સંત થોમા હતો એ પ્રાચીન દંતકથાઓને આધારે ક્રિશ્ચિયન લીટરેચર સોસાયટી, મદ્રાસ તરફથી આ નાની પુસ્તિકા પ્રથમ ઈ. સ. ૧૯૭૧માં પ્રગટ કરવામાં આવી હતી. વર્ષોથી ચાલી આવેલી લોકવાયકા પ્રમાણે સંત થોમા ઈસ્વીસન બાવનમાં ભારતમાં આવ્યો હતો અને ૩૦ વર્ષ સુધી સુવાર્તા પ્રગટ કરતાં કરતાં છેવટે ઈ. સ. ૭૨ માં શહીદ થયો હતો. એ વાતને ઈ. સ. ૧૯૭૨ માં ૧૯૦૦ વર્ષ પૂરાં થયાં હતાં અને તેની ઉજવણી નિમિત્તે "My Lord and My God" એ નામની એક નાની અંગ્રેજી પુસ્તિકાનું પ્રકાશન થયું હતું.

એ પુસ્તિકાનું ગુજરાતી ભાષામાં ભાષાંતર ઉજવણી બાદ થાય છે; આમ છતાં, ટ્રાક્ટ સોસાયટીને લાગ્યું કે એ પુસ્તિકામાં આપેલી માહિતી દરેકે દરેક ખ્રિસ્તીએ જાણવી જોઈએ જેથી ઘણીવાર અન્યધર્મીઓ તરફથી જે ટીકાઓ કરવામાં આવે છે કે ખ્રિસ્તીધર્મ પશ્ચિમનો ધર્મ છે અને છેલ્લી બે ત્રણ સદીઓથી જ તેનો ફેલાવો ભારતમાં થયો છે વગેરે ટીકાઓનો સચોટ જવાબ આપી શકાય.

અંગ્રેજી પુસ્તિકાના લેખકો તથા પ્રકાશક તરીકે ક્રિશ્ચિયન લીટરેચર સોસાયટી મદ્રાસનો જેઓએ પુસ્તિકાનો અનુવાદ કરીને પ્રગટ કરવા પરવાનગી આપી તે માટે આભાર માનવામાં આવે છે. ગુજરાતી ભાષામાં અનુવાદ તૈયાર કરી આપવા માટે શ્રી. લાયનલ એચ. એસ. પરમારનો પણ આભાર માનીએ છીએ. આશા છે કે દરેક ગુજરાતી ખ્રિસ્તી કુટુંબ આ પુસ્તિકા વસાવશે અને તેનો અભ્યાસ કરશે.

હેમીલ્ટન સત્વેદી
સેક્રેટરી
ટ્રાક્ટ સોસાયટી

અમદાવાદ
સપ્ટેમ્બર, ૧૯૭૬

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

# પ્રસિદ્ધકર્તાની નોંધ

પ્રાચીન અને માન્ય દંતકથા અનુસાર ઈ. સ. ૫૨માં સંત થોમા ભારતમાં આવ્યો, પ્રદેશના લોકોને સુવાર્તા પ્રગટ કરી અને ઈ. સ. ૭૨માં ધર્મને ખાતર શહીદ થયો. સમગ્ર દેશમાં ખ્રિસ્તી લોકો ૧૯૭૨ની સાલને સંત થોમાના વર્ષ તરીકે ઉજવશે.

અહીં આ નાનકડી પુસ્તિકામાં આપણને થોમાનો પરિચય નવા કરારમાંના તેના વિષેના ઉલ્લેખો અને તેના વિષેની પ્રણાલિકાઓને આધારે કરાવવામાં આવ્યો છે. આ પુસ્તિકા સ્કોલરો અને મંડળીના ઇતિહાસના વિદ્યાર્થી માટે નથી, પરંતુ આપણી મંડળીઓના સામાન્ય સભ્યો, શાળાઓમાંના શિક્ષકો અને ભારતના પ્રેરિત વિષેની પાયાની બાબતો માટે જેઓ ખોજ કરે છે તેઓને માટે છે.

શિક્ષકો અને અભ્યાસજૂથો માટે પ્રશ્નોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# વિષયસૂચિ


| | | |
|---|---|---|
| ૧. | થોમા વિષે બાઇબલ શું કહે છે? | ૭ |
| (અ) | માર્ક ૩ : ૧૮; માથ્થી ૧૦ : ૩; લુક ૬ : ૧૫. | ૭ |
| | બારમાંનો એક | ૭ |
| | તેડું | ૭ |
| | તેડું શા માટે? | ૭ |
| | ઈસુના રાજ્યનો પાયારૂપ સભ્ય | ૮ |
| | અન્ય હકીકતો | ૯ |
| (બ) | યોહાન ૧૧ : ૧૧–૧૬ | ૯ |
| | દીદીમસ કહેવાતો થોમા | ૯ |
| | અન્યને પ્રેરણા આપવાનો પ્રયાસ કરે છે | ૧૦ |
| | વફાદાર | ૧૦ |
| | હિંમતવાન | ૧૧ |
| | પ્રવર્તક | ૧૨ |
| (ક) | યોહાન ૧૪ : ૧–૬ | ૧૨ |
| | ઉપલી મેડીમાં | ૧૨ |
| | બૌદ્ધિક પ્રમાણિકતા | ૧૨ |
| (ડ) | યોહાન ૨૦ : ૨૪–૨૯ | ૧૩ |
| | શિષ્યો વિના | ૧૩ |
| | શંકાશીલ થોમા | ૧૪ |
| | થોમા ઈસુને જુએ છે | ૧૫ |
| | 'મારા પ્રભુ અને મારા દેવ' | ૧૫ |
| | આવનાર પેઢીઓને થોમાનો વારસો | ૧૭ |

| | | |
|---|---|---|
| (ઇ) | યોહાન ૨૧ : ૧-૮ | ૧૭ |
| | ગાલીલમાં | ૧૭ |
| | શિષ્યો સાથે | ૧૭ |
| (ફ) | પ્રેરિતોનાં કૃત્યો ૧ : ૧૨-૧૪ | ૧૮ |
| | સ્વર્ગારોહણ બાદ | ૧૮ |
| | તેના સ્વામીને આજ્ઞાંકિત | ૧૮ |
| | પવિત્ર આત્માની પ્રતીક્ષા | ૧૯ |
| | પવિત્ર આત્મા પ્રાપ્ત કરે છે | ૨૦ |
| ૨. | થોમા વિષે દંતકથાઓ | ૨૧ |
| | પાર્થિયામાં | ૨૧ |
| | ઉત્તર ભારતમાં | ૨૧ |
| | દક્ષિણ ભારતમાં | ૨૪ |
| | ટેકો આપતી વધુ હકીકતો | ૨૫ |
| | એક મજબૂત સંભાવના | ૨૭ |
| ૩. | થોમા દ્વારા આપણને પ્રભુ ઈસુનું વચન | ૨૮ |
| | ૧. ચર્ચા માટે પ્રશ્નો | ૩૦ |
| | ૨. પ્રવૃત્તિઓ | ૩૧ |

# પ્રસ્તાવના

"મારા પ્રભુ અને મારા દેવ" આ શબ્દો થોમાના નોંધાએલા અંતિમ શબ્દોમાંના છે. એક રીતે તો આ શબ્દો તેના જીવનની પરિસીમા હતા. પ્રભુ ઈસુ વિષેના તેના તલસ્પર્શી અનુભવની ઘડીએ તે ઉચ્ચારવામાં આવ્યા. સ્વામી સાથે તેણે પસાર કરેલા સર્વ મહિના અને વર્ષોની સંગત તેને આ નિશ્ચલ કબૂલાત તરફ દોરી ગયા અને એ સચોટ કબૂલાત બાદ આપણે તેનું બાકીનું જીવન જોઈ શકીએ છીએ.

ભારતમાં તેના આગમન પાછળ પ્રણાલિકા કહે છે તે પ્રમાણે આ નિશ્ચયપૂર્વક કરેલા વિધાનની શક્તિ રહેલી હતી; અને ૧૯૭૨માં જ્યારે આપણે તે હકીકતની ઉજવણી કરીએ છીએ ત્યારે થોમાની આ કબૂલાત તરફ અને ત્યારબાદ જે બન્યું તે વિષે જાણવું જરૂરી છે. અહીં આપણે સંક્ષિપ્તમાં બાઇબલની હકીકતો, દંતકથાઓ અને ઐતિહાસિક પુરાવાઓને ધ્યાનમાં લઇશું.

१

# થોમા વિષે બાઇબલ શું કહે છે?

(અ) માર્ક ૩ : ૧૮; માથ્થી ૧૦ : ૩; લુક ૬ : ૧૫

**બારમાંનો એક**

આ બધા ફકરાઓમાં જ્યાં ઈસુના શિષ્યોનાં નામ મળે છે તેમાં થોમાને બારમાંનો એક કહેલો છે. લુકના અહેવાલ (૬ : ૧૨–૧૬) પરથી આપણને માલૂમ પડે છે કે ઈસુએ તેની પાછળ ફરતા એક મોટા જૂથમાંથી આ બારની પસંદગી કરી હતી.

**તેડું**

થોમાને ઈસુએ આપેલા વિશિષ્ટ નિમંત્રણ અંગે કોઈ વિગતો નોંધાયેલી નથી પરંતુ આપણે ચોક્કસ માની શકીએ કે તેને પણ આમંત્રણ અપાયું હતું અને કહેવામાં આવ્યું હતું, "મારી પાછળ આવ." અને તે કહેણનો તેણે સ્વીકાર કર્યો. આપણે તેના ધંધા અને માતૃભૂમિ વિષે ચોક્કસ જાણતા નથી; કદાચ તે પેલેસ્ટાઈનના ઉત્તર ભાગમાંના ગાલીલ તરફનો હતો.

**તેડું શા માટે?**

ઈસુએ બારને પોતાના શિષ્યો તરીકે શા માટે પસંદ કર્યા તેનાં માર્ક (૩ : ૧૪) બે કારણો રજૂ કરે છે અને તે પરથી ઈસુએ શા માટે થોમાને પસંદ કર્યો ને નીમ્યો તે આપણે જાણી શકીએ છીએ. તે તેને (૧) પોતાની સાથે રાખવા માગતો હતો અને (૨) તેને બહાર મોકલવા ઇચ્છતો હતો.

ઈસુની સાથે હરેક પરિસ્થિતિમાં રહી શકે તેમજ ઈસુ લોકટોળાંને આપી શકે તે કરતાં વધુ શિક્ષણ લઈ શકે તેવા મિત્ર અને સાથી તરીકે થોમાની જરૂર હતી. વળી થોમાને ઈશ્વરના પ્રેમની સુવાર્તા પ્રસરાવવાના કાર્યમાં ફાળો આપવા માટે પણ બહાર મોકલવાનો હતો.

થોમા અને અન્યો માટે પ્રથમ હેતુને "શિષ્ય" શબ્દ-પ્રયોગમાં આવરી લેવાયો છે: શિષ્ય–શીખનાર. બીજા હેતુને પ્રેરિત શબ્દના પ્રયોગમાં ગૂંથી લેવાયો છે. દાખલા તરીકે, લુક ૬ : ૧૩માં, પ્રેરિત—જેને મોકલવામાં આવ્યો છે તે. આમ છતાં, કેટલીકવાર આપણે આ બન્ને શબ્દોને કોઈપણ ભેદરેખા વિના વપરાયેલા જોઈએ છીએ. દાખલા તરીકે માથ્થી ૧૦ : ૧૨.

## ઈસુના રાજ્યનો પાયારૂપ સભ્ય

ઈસુએ થોમાને તેના નૂતન સમાજના પ્રથમ સભ્યોમાંના એક તરીકે પસંદ કર્યો, બોલાવ્યો ને નીમ્યો હતો. જૂના કરારના સમયમાં ઈશ્વરે જ્યારે તેના લોકને પસંદ કરેલી પ્રજા તરીકે સ્થાપન કર્યા હતા, ત્યારે તેણે તેમને બાર કુળોમાં વિભાજિત કર્યા હતા, જેના પ્રથમ આગેવાનો યાકૂબના બાર પુત્રો હતા. આ પ્રથમ ઇસ્રાએલ ઈશ્વરના હેતુને સાકાર કરવામાં નિષ્ફળ ગયો ત્યારે ઈસુ દ્વારા ઈશ્વરે નવા ઇસ્રાએલની સ્થાપના કરી ને બાર શિષ્યોને તેના બાર નેતાઓ તરીકે પૂરા પાડ્યા. આ તેમના તેડાનું મહત્ત્વ લુક ૨૨ : ૩૦ અને માથ્થી ૧૯ : ૨૮માં જોવા મળે છે. તેને પ્રકટીકરણ ૨૧ : ૧૪ માંના દર્શન સાથે પણસાંકળી લેવામાં આવે છે જ્યાં ખ્રિસ્તના લોકોના પૂર્ણ સમાજના નૂતન નગરના પાયામાં બાર પ્રેરિતો રહેલા દેખાય છે.

### અન્ય હકીકતો

આ વિભાગના આરંભમાં રેફરન્સ તરીકે આપેલી ત્રણ કલમો માથ્થી, માર્ક અને લુકમાં થોમા અંગે થએલા માત્ર ઉલ્લેખ આપે છે અને તેથી આ સંદર્શક સુવાર્તાઓના લેખકો દ્વારા આપણે સીધેસીધું માત્ર તેનું નામ જાણી શકીએ છીએ. આમ છતાં લેખકોએ જ્યાં શિષ્યોનો સામાન્ય અર્થમાં ઉલ્લેખ કર્યો છે તેવા ફકરાઓમાંના કોઈ એકનો અભ્યાસ કરીએ તો આપણે આ સુવાર્તાઓમાંથી આડકતરી રીતે વધુ પૂર્ણ ચિત્ર ખડું કરી શકીએ તેમ છીએ. થોમાને અપાયેલા શિક્ષણ વિષે તેણે જોયેલા ચમત્કારો, તેણે ખેડેલી મુસાફરીઓ, તેને જે પ્રવાસોએ મોકલવામાં આવતો તે, ઉપલી મેડીમાં તેમજ ગેથસેમાને વાડીમાં તેના અનુભવો અને બીજું ઘણું બધું આપણે શીખી શકીએ તેમ છીએ. તે જ્યારે વાડીમાંથી નાઠો ને પછીથી કાલવરી પર શું શું થયું હતું તે જાણ્યા બાદની ને ઈસુના શરીરના દફન બાદ તેને થયેલી લાગણીઓ વિષે આપણે અનુમાન કરી શકીએ છીએ.

તેમ છતાં યોહાનની સુવાર્તા પરથી આપણે થોમા વિષે વધુ શીખી શકીએ તેમ છીએ. અહીં તેનાં ચાર રેફરન્સો આપેલાં છે.

**(અ)** યોહાન ૧૧ : ૧૧–૧૬

### દીદીમસ કહેવાતો થોમા

આ ફકરા પરથી આપણને માલૂમ પડે છે કે થોમા દીદીમસ પણ કહેવાતો હતો. આ થોમાનું બીજું નામ જણાય છે. પરંતુ ખરેખર તો તે હિબ્રૂ ભાષાના "થોમા" પરથી આવેલ ગ્રીક રૂપ છે. બન્નેનો જ્યારે અંગ્રેજીમાં અનુવાદ કરવામાં આવે

છે ત્યારે 'જોડકામાં જન્મેલ' એવો અર્થ નીકળે છે. 'દીદીમસ કહેવાતો થોમા' તે શબ્દસમૂહ અનેક જગ્યાએ આવે છે તેથી એમ સૂચવવામાં આવ્યું છે કે કદાચ બીજું નામ તે ઉપનામ જેવું અથવા તેની અટક જેવું હતું, અને આ જ રીત હતી જે દ્વારા તે પ્રણાલિકાગત ઓળખાતો હતો.

## અન્યને પ્રેરણા આપવાનો પ્રયાસ કરે છે

થોમા વિષેનો આ ઉલ્લેખ ઈસુ અને તેના શિષ્યોને લાજરસના અવસાનના સમાચાર મળ્યા ત્યાર બાદ આવે છે. સંદેશો મળ્યો ત્યારે તેઓ યરદન નદીના પૂર્વગમ આવેલા પેરિયા (૧૦ : ૪૦)માં હતા. બે દિવસ બાદ ઈસુએ યહુદાહમાં આવેલું ને જ્યાં લાજરસ હતો તે બેથાની-આમાં જવાની જાહેરાત કરી. શિષ્યો તરત જ ઈસુને વારવા લાગ્યા કારણ કે તેઓ તે પ્રદેશોમાંના અધિકારીઓની અદાવત જાણતા હતા; અને જ્યારે તેઓએ સાંભળ્યું કે લાજરસ તો ક્યારનોય મૃત્યુ પામ્યો છે ત્યારે તેઓએ ત્યાં કોઈ પણ રીતે જવાનો કોઈ સાર જોયો નહિ.

પરંતુ થોમાએ જ્યારે જોયું કે ઈસુ બેથાની જવાના પોતાના ઇરાદામાં મક્કમ હતા ત્યારે તે જ એક હતો જેણે અન્ય શિષ્યોને કહ્યું : "ચાલો આપણે પણ જઈએ અને તેની સાથે મરી જઈએ." તેને હેતુસરની કે સલામત મુસાફરીની કોઈ આશા ન હતી છતાં તેણે અન્યોને પ્રેરણા પમાડવાનો પ્રયત્ન કર્યો અને તેઓએ પ્રત્યુત્તર વાળ્યો અને ઈસુ સાથે ગયા.

## વફાદાર

આ ફકરો આપણને થોમાની વફાદારી બતાવે છે. તેણે જ્યારે શિષ્ય થવાનું ઈસુનું આમંત્રણ એક વાર સ્વીકાર્યું હતું ત્યારે ભલેને ગમે તે ભય ઊભો થાય છતાં તે તેને એકલો બેથાની જવા નહીં દે. કદાચ તેણે સંભાર્યું હશે કે ઈસુ તેઓને પોતાના મૃત્યુની આગાહીઓ

(માર્ક ૧૦ : ૩૨–૩૪) સંબંધી અને તેમનું શિષ્યપણું મોંઘું પડશે (માથ્થી ૧૬ : ૨૪–૨૫) તે વિષે શીખવવાનો પ્રયાસ કરે છે. આગળ ગમે તે થાય; થોમાએ ઈસુની સાથે રહેવાની ઇચ્છા કરી.

## હિંમતવાન

આ ફકરો આપણને થોમાની હિંમત પણ બતાવે છે. શિષ્યોમાંના એકે તો ક્યારનીયે યરૂશાલેમમાં તાજેતરમાં પથ્થર મારવાના પ્રસંગની યાદ દેવડાવી હતી (૧૧ : ૮ જુઓ ૧૦ : ૩૨ અને ૮ : ૫૯) અને તેઓ સર્વ યહૂદીઓની વધી રહેલી દુશ્મનાવટથી પરિચિત હતા. જાણીબૂઝીને ચુસ્ત યહૂદી પ્રાંતમાં જવું એ સીધા જોખમને નહોતરવા બરાબર થતું હતું.

છેલ્લાં ત્રણ વર્ષથી થોમા ઈસુની સાથે હતો ને જ્યાં સુધી ઈસુ તેની સાથે હતો ત્યાં સુધી તેને કોઈપણ પરિસ્થિતિનો સામનો કરવામાં કેવી હિંમત પ્રાપ્ત થઈ હતી તે તેણે યાદ કર્યું હશે; તેથી હવે જો તેના સ્વામીની સાથે તેને રાખવામાં આવે તો તે ગમે ત્યાં જવા માટે તૈયાર હતો.

## પ્રવર્તક

શું થોમા પીતરની માફક આવેગની લાગણીવાળો હતો? બીજી વખત પોતે બેથાની જવાનો છે એમ ઈસુએ કહ્યું ત્યારે તે હોંશભેર બોલી ઊઠયો અને તેણે ત્વરિત ઉત્તર આપ્યો કે પોતાના સ્વામીની સાથે રહેવામાં તે ગમે તેનો, મૃત્યુ સુધી સામનો કરવા તૈયાર હતો.

ખરેખર તો ઈસુ માટે ભવિષ્યમાં શું શું થવાનું છે તે વિષે થોમા ઘણું થોડું જાણતો હતો, અને ઈસુએ તેની ભવિષ્યવાણીઓમાં (માર્ક ૮ : ૩૧; ૯ : ૩૧; ૧૦ : ૩૩) તેના શિષ્યોને જે કહ્યું હતું તે વિષે તે વિચાર કરવા થોભ્યો હોત તો તેણે ઘણો

ખચકાટ અનુભવ્યો હોત; પરંતુ એ ઘડીના ઉત્સાહમાં તે બોલી ઊઠયો. તે તેની સલામતી વિષે બેફિકર હતો અને જ્યારે તે બોલી ઊઠયો ત્યારે તેણે બીજા શિષ્યોને વફાદાર રહેવા માટે જોઈતી પ્રેરણા પમાડી.

(ક) યોહાન ૧૪ : ૧–૬

## ઉપલી મેડીમાં

ઈસુના પૃથ્વી પરના જીવનના છેલ્લા સપ્તાહના ગુરુવારે થોમા યરૂશાલેમમાં ઉપલી મેડી પર તેઓ સાથે પાસ્ખાનું ભોજન લઈ શકે માટે તે ઈસુ તેમ જ અન્ય શિષ્યો સાથે ગયો. આ સુવાર્તાનો લેખક ભોજનની કોઈ વિગત આપતો નથી, પરંતુ ઈસુએ શિષ્યોને આપેલા અંતિમ શિક્ષણનો તેમ જ સલાહ સૂચનોનો લાંબો અહેવાલ આપે છે.

થોમાએ ઈસુને તે કયાં જાય છે તે વર્ણવતો તેમ જ "જ્યાં હું જાઉં છું ત્યાંનો માર્ગ તમે જાણો છો " એમ કહેતો સાંભળ્યો ( કલમ ૪); આથી તેણે આમ પૂછ્યું : "પ્રભુ તું કયાં જાય છે તે અમે જાણતા નથી, ત્યારે અમે માર્ગ કેમ કરીને જાણીએ?" ઈસુએ ધાર્યું હતું કે જે શિક્ષણ તે આપતો હતો તે શિષ્યો સમજ્યા હતા, અને જાણતા હતા. પરંતુ થોમાનો પ્રશ્ન બતાવે છે કે તેઓ સમજ્યા ન હતા. આના અનુસંધાનમાં જ ઈસુએ મહાન ઉચ્ચારણ કર્યું, "હું માર્ગ છું."

## બૌદ્ધિક પ્રમાણિકતા

ઈસુ પોતાના પિતાના ઘર વિષે ( કલમ–૨ ) અને "હું તમારે માટે જગા તૈયાર કરવાને જાઉં છું" ( કલમ–૩ ) તે વિષે જે કહેતો હતો તે થોમા સમજ્યો ન હતો, અને તે આવી અગત્યની બાબત અચોક્કસ છોડી શકયો નહીં. તે ગૂંચવણમાં પડયો હતો અને ઈસુ શો અર્થ કરે છે તે પ્રમાણિકપણે જાણવા ઇચ્છતો હતો. સમયની ગંભીરતામાં તેમ જ ઈસુ જે બધું કહી રહ્યો હતો તેમાં ભંગ પાડવો

એ સહેલું નહોતું, પરંતુ ઈસુની તેઓને સત્ય જણાવવાની ચિંતા પર વિશ્વાસ રાખીને તે તેના પ્રશ્નોની ઝડી વરસાવે છે. જુસ્સાથી અને સ્પષ્ટ રીતે સીધેસીધો પુછાયેલો આ એક પ્રમાણિક પ્રશ્ન હતો.

આ પ્રશ્ને ઈસુને સ્પષ્ટ જવાબ આપવા માટે તક પૂરી પાડી તેમ જ તે જ્યાં જવાનો હતો ત્યાં તે જાતે તેઓને લઈ જશે તેવી ખાતરીએ-જેમ ઘણાને ત્યારથી થયું છે તેમ થોમાને નવો વિશ્વાસ પમાડયો.

થોમાની સાચા પ્રશ્નો પૂછવાની તેમ જ સ્પષ્ટતા શોધવાની હિંમતે બીજા શિષ્યોને પણ પાછળથી બોલવા પ્રેર્યાં અને તેઓને પણ સ્પષ્ટતા આપવામાં આવી. ફિલીપ (કલમ-૮) ઈશ્વરનું વધુ સ્પષ્ટ દર્શન માગતો હતો અને ઈસુ પોતાને જગતની આગળ પ્રગટ કરશે નહિ તે વિષે યહુદા જે ઈસકારીઓત (કલમ-૨૨) ન હતો તેણે પ્રશ્ન પૂછયો હતો.

(ડ) યોહાન ૨૦ : ૨૪-૨૯

**શિષ્યો વિના**

ઈસુના પુનરૂત્થાનના દિનની સંધ્યાએ જ્યારે ઈસુ તેમને એકાએક દેખાયો (૧૯, ૨૦, કલમો) ત્યારે મોટાભાગના શિષ્યો ઓરડાનાં બારણાં બંધ કરીને સાથે હતા. તેણે તેમને કુશળતા પાઠવી તેમ જ તેઓને જાણે કે ખરેખર પોતે તે જ ઈસુ હતો જેને તેઓએ ત્રણ વર્ષ સુધી જાણ્યો અને ચાહ્યો હતો તેની ખાતરી પમાડે તે સારૂ વધસ્તંભે જડાયાના ઘા દેખાડયા. તેઓએ જાણ્યું કે તે ફરીથી જીવતો થયો હતો અને મૃત્યુંજય થયો હતો.

થોમા તેમની સાથે નહોતો તેથી તે ઈસુ સાથેની આ મુલાકાત ચૂકી ગયો; પરંતુ તે જ્યારે પાછળથી તે સાંજે પાછો ફર્યો ત્યારે કેવી રીતે ઈસુ આવ્યો અને બીજાઓએ તેને જોયો હતો અને

ઓળખ્યો હતો તે તેને કહેવામાં આવ્યું. આ વાત તે માની શક્યો નહિ. તેથી તેઓએ જે સત્ય કહેલું તે વિષે ભારે શંકાથી તે બૂમ પાડી ઊઠયો, "તેના હાથમાં ખીલાઓના વેહ જોયા વિના તથા મારી આંગળી ખીલાઓના વેહમાં મૂકયા વિના તથા તેની કૂંખમાં મારો હાથ ઘાલ્યા વિના, હું વિશ્વાસ કરવાનો નથી."

**શંકાશીલ થોમા**

થોમા બનેલી હકીકતને સ્વીકારે તે પહેલાં તેને અંગત રીતે ખાતરી કરાવવી પડી હતી. જોકે બીજાઓએ કહ્યું કે તેઓએ તેને જોયો હતો છતાં તે માની શકે તે પહેલાં તેણે જાતે ઈસુને જોવો હતો. તે જાણતો હતો કે તેને મારી નાખવામાં અને દફનાવવામાં આવ્યો હતો, પરંતુ ત્યાર બાદ તેના મિત્રોએ કહ્યું કે તે જીવતો હતો; આનો અર્થ ચમત્કાર થયો હતો તેમ માનવું તેવો થાય. અરે! આવા અસામાન્ય સમાચાર મિત્રો તરફથી મળે તોપણ બીજાની મારફતે વિશ્વાસ કરવો તે વધારે પડતું હતું. પોતાની જાતે જ તેણે તે સાબિત કરવું હતું.

આ જ બાબતે થોમાને "શંકા રાખતો થોમા" તેવું નામ કમાવી આપ્યું. અત્યારના દિવસોમાં જે સ્થાપિત કરેલા સત્ય અંગે શંકા લાવે છે તેને "શંકાશીલ થોમા" કહી શકાય. ખરેખર થોમા જ્યારે પહેલાં જે નહોતો સમજ્યો ત્યારે ઈસુને પૂછતો હતો તે જ રીતે તેના મિત્રોએ જે કહ્યું તે અંગે પ્રશ્ન કર્યો. પરંતુ થોમા લાંબો સમય સુધી શંકાશીલ ન રહ્યો અને તેની વફાદારી અને પ્રમાણિકતાએ તેને નિશ્ચિતતા તરફ જવામાં સહાય કરી.

જેવી રીતે ઉપલી મેડી પર તેણે સમજૂતી મેળવવા માટે ઈસુને પ્રશ્ન પૂછયો હતો તેવી જ રીતે હવે તેણે જે વાત માનવાની છે તે તેને સ્પષ્ટ રીતે બતાવવામાં આવે એમ તે ઇચ્છતો હતો. તે એવી

વ્યક્તિ નહોતી કે જે કોઈપણ વાત સહેલાઈથી માની લે અથવા જે કંઈ તેને કહેવામાં આવ્યું હોય તે પર સહેલાઇથી વિશ્વાસ મૂકી શકે. તે તેની જાતે જ સત્ય બાબત શોધવા માગતો હતો. એમ્મૌસ જતી એ વ્યક્તિઓની માફક ઈસુ થોમાને પણ "વિશ્વાસ કરવામાં મંદ બુદ્ધિનો" એવું કહી શકયો હોત (લુક ૨૪ : ૨૫).

શિષ્યોમાં પણ કેટલાક એવા હતા કે જેઓને થોમાની જેમ શંકાઓ હતી ને પુનરૂત્થાનમાં માનવું કઠણ લાગતું હતું; કારણ કે આપણે વાંચીએ છીએ કે તેઓએ તેને જોઈને તેનું ભજન કર્યું; પણ કેટલાએકને સંદેહ આવ્યો" (માથ્થી ૨૮ : ૧૭).

## થોમા ઈસુને જુએ છે

શિષ્યોને પ્રથમવાર ઈસુનાં દર્શન થયા પછીના રવિવારે બરાબર એક સપ્તાહ બાદ જ્યારે તેઓ ફરીવાર એકત્ર થયા હતા ત્યારે ઈસુ તેઓની પાસે બીજી વાર આવ્યો. આ સમયે થોમા તેઓની સાથે હતો. પૂર્વે આપેલાં તેવાં જ અભિવંદન ઈસુએ આપ્યાં. ત્યાર બાદ તેના પોતાના જ શબ્દો વાપરીને તેણે થોમાને સીધું જ સંબોધન કર્યું, અને વિશ્વાસ કરવા માટે તેને જે સાબિતીઓની જરૂરિયાત લાગતી હતી તે સાબિતીઓની ચકાસણી કરવા આમંત્રણ આપ્યું (કલમ ૨૫). બીજાઓને જેમ દર્શન આપ્યું હતું તેમ કેવળ થોમાને દર્શન આપ્યું એટલું જ નહિ પરંતુ આગળ વધીને તેણે તેને સ્પર્શ કરવા પણ જણાવ્યું. થોમા પણ વિશ્વાસ કરે માટે આ બાબત સ્પષ્ટપણે કહેવામાં આવી છે.

## 'મારા પ્રભુ અને મારા દેવ'

માત્ર ઈસુનું દર્શન થોમા માટે પૂરતું હતું; તેને એથી વધુ સાબિતીની જરૂર ન હતી. તે સર્વ અનાવશ્યક હતું. જ્યારે થોમાએ

ઈસુને જોયો ત્યારે તેણે તરત જ તેના સ્વામીને ઓળખ્યો અને એ સત્યના ચમકારામાં તેણે 'મારા પ્રભુ અને મારા દેવ' કહીને પોતાને ઈસુને અર્પી દીધો.

જ્યારે થોમાએ ઈસુને 'મારા પ્રભુ' તરીકે સંબોધ્યો ત્યારે તેણે સ્વીકારી લીધું કે ઈસુને સંપૂર્ણ અધિકાર હતો અને આજ્ઞાંકિતપણાને તે લાયક હતો. અગાઉ પણ ઈસુ માટે "પ્રભુ" તરીકેનું સંબોધન વપરાતું હતું (ઉદા. યોહાન ૬ : ૬૮; ૧૩ : ૧૩). ઈસુ પાર્થિવ સ્વામી કરતાં વિશેષ છે એ બતાવવા થોમા અહીં તેનો ઉપયોગ કરે છે. ગત ત્રણ વર્ષોમાં તેણે જાણેલા માનવીય મિત્ર તેમ જ આગેવાન કરતાં તે વિશેષ હતો. થોમા હવે તેનો આજ્ઞાંકિત સેવક બનવા તેમ જ તેને વફાદારી અર્પવા તૈયાર હતો. તે તેને પોતાના જીવનના અધિકારી તરીકે સ્વીકારવા તૈયાર હતો.

જ્યારે થોમાએ ઈસુને 'મારા દેવ' કહ્યું ત્યારે તેણે સ્વીકાર્યું કે તે દૈવી હતો; તે કોઈપણ માનવી કરતાં વિશેષ હતો અને ખરેખર તો તે મનુષ્યના રૂપમાં ઈશ્વર જ હતો. થોમા તેનું ભજન કરવા અને કેવળ ઈશ્વર માટે જ હોય તેવી આધીનતા બતાવવા તૈયાર હતો.

થોમા આમ ઈસુ સાથે નવા સબંધમાં આવ્યો. પહેલાંનાં ત્રણ વર્ષોમાં તે તેના ગુરુ સાથે એક શિષ્યરૂપે હતો, પરંતુ હવે તે તેના સ્વામી અને ઈશ્વરનો એક રાજીસેવક અને નમ્ર ભક્ત હતો. થોમાને પોતાને માટે તેને જોવાની જરૂર હતી અને જેવો તેણે તેને જોયો કે તરત જ તેના મનમાં ખાતરી થઈ અને તેથી વિશેષ તો એ કે ઈસુ પ્રત્યેનું તેનું સમગ્ર વલણ બદલાઈ ગયું. જ્યારે તેને ઈસુનો અંગત અનુભવ થયો ત્યારે તેની સઘળી શંકાઓ નાબૂદ થઈ ગઈ અને ઈસુ સંબંધી જે તેને કહેવામાં આવ્યું હતું તે તમામ તેણે પોતે જાણ્યું. તેનો અનુભવ અયૂબના અનુભવ સાથે સરખાવી શકાય. જ્યારે તેને ખાતરી થઈ ત્યારે કહ્યું, "મેં મારા કાનથી તારા વિષે સાંભળ્યું હતું; પણ હવે હું તને પ્રત્યક્ષ જોઉં છું" (અયૂબ ૪૨ : ૫).

## આવનાર પેઢીઓને થોમાનો વારસો

થોમાનું એ મહાન હર્ષિત ઉચ્ચારણ ઈસુને તેનાં મહાન વચનોમાંનું એક આપવાનું કારણ બન્યું જે ત્યારથી માંડીને દરેક પેઢીનાં સ્ત્રી પુરૂષોને ખરેખરો ઉત્સાહ આપનારૂં નીવડયું છે. ઈસુએ કહ્યું : "તેં મને જોયો છે, માટે તેં વિશ્વાસ કર્યો છે; જેઓએ જોયા વિના વિશ્વાસ કર્યો છે તેઓને ધન્ય છે." થોમા ખાતરી પામવા માગતો હતો અને આથી ઉત્થાન પામેલા સ્વામીની તેને મુલાકાત આપવામાં આવી, જેણે તેની તમામ શકય શંકાઓ નાબૂદ કરી. તેના અંગત અનુભવે અને ઈસુએ તેને જે ખાતરી કરાવી તેને કારણે બીજાઓ માટે કોઈ દૃશ્ય મુલાકાતની જરૂરિયાત રહેતી નથી. સ્પષ્ટ રીતે કહીએ તો વિશ્વાસ કરવો તે કેવળ જોવા પર જ આધારિત નથી.

(ઇ) યોહાન ૨૧ : ૧–૮

## ગાલીલમાં

પુનરૂત્થાનના થોડા દિવસો બાદ, થોમા બીજા છ શિષ્યોની સાથે હતો ત્યારે પીતરે કહ્યું, "હું માછલાં મારવા જાઉં છું." બાકીનાઓએ કહ્યું કે તેઓ પણ તેની સાથે જશે. તેઓ તિબેરિયસ સમુદ્ર જે ગાલીલ સમુદ્રનું બીજું નામ છે ત્યાં ગયા. ત્યાં તેઓએ આખી રાત માછલાં પકડવાનો પ્રયાસ કર્યો પણ કશું જ પકડાયું નહિ. પરોઢિયે ઈસુ કિનારે દેખાયો પરંતુ તેઓ જલદીથી તેને ઓળખી શકયા નહીં. તે તો ઈસુએ જ્યારે માછલી મેળવવાના સ્થળનો નિર્દેશ કર્યો ત્યારે જ તેઓ તેને ઓળખી શકયા.

## શિષ્યો સાથે

પુનરૂત્થાનના દિવસે જ્યારે થોમા શિષ્યો સાથે નહોતો ત્યારે તે ઈસુને મળવાનું ચૂકી ગયો અને એક અઠવાડિયા સુધી તે શંકાશીલ અને અચોક્કસ રહ્યો હતો. પરંતુ ઈસુના બીજા દર્શન બાદ જ્યારે થોમાને ખાતરી થઈ હતી ત્યારે તે અન્યની સાથે હતો. ઈસુ

જ્યારે ફરીવાર આવ્યા ત્યારે તે ત્યાં હતો અને જાણે કે તેનો સ્વામી ગમે ત્યારે પણ આવે તો તે કોઈપણ તક ગુમાવવા માગતો ન હતો અને પોતાની જાતને તૈયાર રાખી હતી.

સુવાર્તાઓમાં થોમાની આ પાંચ નોંધો ઉપરાંત નવા કરારમાં થોમા સંબંધી એક બીજી નોંધ પણ કરેલી છે.

(૬) પ્રેરિતોનાં કૃત્યો ૧ : ૧૨–૧૪

## સ્વર્ગારોહણ બાદ

બાઇબલમાં થોમાની આ છેલ્લી નોંધ એ સમયની છે જ્યારે અગિયાર શિષ્યોમાં તે ગણાયો, જેઓ ઈસુનુ છેલ્લું શિક્ષણ સાંભળીને (કલમ–૪) સ્વર્ગારોહણ બાદ યરૂશાલેમ પાછા ગયા. તેઓ એક ઉપલી મેડીમાં ગયા (કદાચ તે જ ઉપલી મેડીમાં જ્યાં વધસ્તંભે જડાયા પહેલાંની રાત્રે તેઓ ઈસુ સાથે હતા) અને ત્યાં વચન અપાયેલ પવિત્ર આત્માના આવવા માટે રાહ જોઈ.

થોમા સાથે બીજા દશ શિષ્યો ઉપરાંત ઈસુની માતા મરિયમ અને તેના ભાઈઓ સાથેનો સ્ત્રીસમૂહ પણ હતો (કલમ–૧૪). ઈસુ પરના પ્રેમને કારણે જેઓ સાથે સમૂહમાં હતા તેઓ એકબીજા સાથે કેવી રીતે આમ મળી ગયા હતા એ જાણવું રસપ્રદ છે. જે સ્ત્રીઓ ઈસુ સાથે ગઈ તેઓ વિષે આપણે સુવાર્તાઓમાં (ઉદા. લુક ૮ : ૨, ૩ અને ૨૩ : ૪૯) વાંચીએ છીએ અને મરિયમ, તેની માતા વધસ્તંભના ચરણ આગળ હતી (યોહાન ૧૯ : ૨૫). ઈસુના ભાઈઓ સંબંધી સુવાર્તાઓમાં કરેલો ઉલ્લેખ બતાવે છે કે તેઓ તેને સમજ્યા ન હતા (યોહાન ૭ : ૫); પરંતુ સ્પષ્ટ રીતે તેમનું વલણ પાછળથી બદલાઈ ગયું. ઉપલી મેડીમાં આ બધું હવે થોમાની સમક્ષ હતું.

## તેના સ્વામીને આજ્ઞાંકિત

તે સમયે થોમા અને બીજાઓ યરૂશાલેમ પાછા ગયા તે તેમના

આજ્ઞાંકિતપણાને લીધે હતું. ઈસુના પુનરૂત્થાન તેમ જ તેના સ્વર્ગારોહણ વચ્ચેના ચાલીસ દિવસો દરમ્યાન તે શિષ્યોને વખતોવખત દેખાતો હતો, અને જોકે તેઓ તેને જોઇ શકતા નહોતા, છતાં તેઓને ખાતરી થઈ હતી કે તે જીવતો હતો. તેથી જ તે દિવસ આવ્યો જ્યારે તે તેઓને છોડી ગયો ત્યારે થોમા અને બીજાઓ આનંદ કરતા યરૂશાલેમ પાછા ગયા (લુક ૨૪ : ૫૨, ૫૩).

તે સમયે માત્ર આજ્ઞાંકિતપણાને લઈને જ તેઓ યરૂશાલેમ જઈને સામનો કરવાની હિંમત કરી શકયા, છતાં એ આદેશને તાબે થવું સરળ તો ન જ હતું. યહૂદી અધિકારીઓ અને બીજા ઘણા જેઓ ઈસુને ધિક્કારતા હતા અને આખરે તેને મારી નાખવાને સફળ થયા, તેઓ યરૂશાલેમમાં હતા. તેઓએ તેના શિષ્યોનો સખત સામનો કર્યો હોત, તદુપરાંત, યરૂશાલેમ તેમની માતૃભૂમિ નહોતી અને તેઓએ કેટલીકવાર પોતાનાં સગાંસબંધીઓ અને વેપાર-ધંધાને કારણે ગાલીલમાં પાછા જવાનું વિચાર્યું હશે. ખાસ કરીને પચાસમાના પર્વના યહૂદી તહેવાર નિમિત્તે જ્યારે ટોળાં જમા થયાં ત્યારે ત્યાં જે ચાલી રહ્યું હતું તેથી સહાનુભૂતિની ઊણપ તેઓને દેખાઈ હશે.

થોમાને યરૂશાલેમ પાછા જવા તેમ જ ત્યાં રાહ જોવા માટે હિંમત અને ધીરજ ઉપરાંત આજ્ઞાંકિતપણાની જરૂર પડી, પરંતુ આ બધું કરવાનું ઈસુએ તેને જણાવ્યું હતું. આથી જોકે, તે સમજ્યો નહિ છતાં આજ્ઞાધીન થયો. આ પછી તરત જ તેના આજ્ઞાંકિતપણાનો બદલો તેને મળ્યો.

## પવિત્ર આત્માની પ્રતીક્ષા

જ્યારે ઈસુ તેના શિષ્યો સાથે હતો ત્યારે તેણે તેમને પવિત્ર આત્મા મોકલવાનું વચન આપ્યું હતું (ઉદા. યોહાન ૧૫ : ૨૬);

અને ફરીથી તેના સ્વર્ગારોહણ પ્રસંગે તેણે કહ્યું હતું કે પવિત્ર આત્મા તેમના ઉપર આવશે (પ્રે. કૃ. ૧ : ૫, ૮). તેઓએ યરૂશાલેમ પાછા જઈને વિશ્વાસુપણે રાહ જોવાની હતી. બીજાની સાથે થોમાએ રાહ જોવાનો સમય પ્રાર્થનામાં ગાળ્યો (પ્રે, કૃ. ૧ : ૧૪). નવ દિવસ સુધી તેઓએ સંગતમાં રહીને રાહ જોઇ. શું આવી રહ્યું હતું અને તેમના માટે ભવિષ્યમાં શું સંઘરાયેલું હતું તે જાણ્યા સિવાય રાહ જોતા રહેવાનું તેમને કઠણ પડયું હશે.

જોકે. થોમાનો "પ્રેરિતોનાં કૃત્યો"માં બીજી કોઇ જગાએ નામથી ચોકકસ રીતે ઉલ્લેખ કરવામાં આવ્યો નથી, તોપણ આપણે જાણીએ છીએ કે અન્ય શિષ્યો સાથે તેમના પાછળના અનુભવોમાં તે હશે, અને તેના વિષેની હકીકતોમાં આપણે સલામતીપૂર્વક ઉમેરી શકીએ કે પ્રેરિતોના કૃત્યના ૨ : ૧-૪ માં નોંધ્યા મુજબ તેણે પવિત્ર આત્મા પ્રાપ્ત કર્યો.

## પવિત્ર આત્મા પ્રાપ્ત કરે છે

દશ દિવસની પ્રતીક્ષા કર્યા બાદ. થોમા અને અન્ય જેઓ તેની સાથે ઉપલી મેડીમાં હતા તેઓની ઉપર પવિત્ર આત્મા આવ્યો. તેણે પોતે પણ તેમના પર આવેલ નવી શકિત અને ખાતરીનો તથા ટોળાંઓને સંબોધન કરવા વિશ્વાસપૂર્વક બહાર જવાનો અનુભવ કર્યો. જેઓ પોતાનુ બધું જ સામાન્ય ગણતા હતા તેવાઓની સંગતમાંનો થોમા પણ એક હતો. તેઓ પોતાની મિલકત તથા સર-સામાન વેચી નાખતા અને દરેકની અગત્ય પ્રમાણે સર્વેને વહેંચી આપતા. તેઓ નિત્ય મંદિરમાં એક ચિત્તે હાજર રહેતા તથા ઘેરેઘેર રોટલી ભાંગીને ઉમંગથી તથા નિખાલસ મનથી ભોજન કરતા હતા અને દેવની સ્તુતિ કરતા હતા અને સર્વ લોકો તેમના પર પ્રસન્ન હતા. વળી પ્રભુ રોજ રોજ તારણ પામનારાઓને તેઓમાં ઉમેરતો હતો (પ્રે. કૃ. ૨ : ૪૪-૪૭).

## ૨

# થોમા વિષે દંતકથાઓ

### પાર્થિયામાં :

આખા જગતમાં જવાની ઈસુની આજ્ઞા (માથ્થી ૨૮ : ૧૯) અનુસાર એક દંતકથા કહે છે કે સુવાર્તા પ્રગટ કરતા કરતા અગીયાર શિષ્યો જુદી જુદી દિશાઓમાં ગયા. થોમા પૂર્વગમ ગયો અને પાર્થિયાના રાજ્યમાં આવ્યો જે પર્સિયન અખાત અને કાસ્પિયન સમુદ્ર વચ્ચે આવેલો ટાઇગ્રીસ અને સિંધુ નદીની વચ્ચે આવેલું છે. પાછળથી થોમાનું એડેસા (ટર્કીનું આધુનિક ઉર્ફા)માં ખૂન કરવામાં આવ્યું.

ચોથી સદી બાદનાં લખાણોમાં આ દંતકથાના વિવિધ ઉલ્લેખો છે. યુસેબિયસ નામનો એક લેખક જણાવે છે કે તે એક દંતકથા છે, પરંતુ ઓરીજેન જે ત્રીજી સદીના પ્રથમ અડધા ભાગ સુધી જીવ્યો, તેના તરફથી આવેલી નોંધ છે.

### ઉત્તર ભારતમાં

આ દંતકથા "ધી એકટસ ઓફ થોમસ" નામના એપોક્રિફલ પુસ્તક (જે પ્રોટેસ્ટંટ મંડળીએ બાઇબલના અંતર્ગત ભાગ તરીકે સ્વીકાર્યું નથી) ઉપર આધારિત છે. પ્રેરિતોનું શું થયું તે નોંધવા માટે શરૂઆતની સદીઓમાં લખાયેલાં અનેક પુસ્તકોમાંનું તે એક છે, ઘણું કરીને તે ત્રીજી સદીની લગભગ અધવચ્ચે લખાયેલું હતું. દેખીતી રીતે આ પુસ્તકનું ઘણું વૃત્તાંત કલ્પિત છે; ઉદાહરણ તરીકે, તે એક પ્રસંગ આલેખે છે જ્યારે ટોળાંને પ્રભાવિત કરવા માટે થોમાએ હવામાં ઊંચે પાણી નાખ્યું અને તે ફૂલોરૂપે પડયું. તેમાં શરૂઆતની સદીઓમાં મંડળીમાં પ્રેરિત તરફ રહેલો આદર અને આશ્ચર્યની લાગણી વ્યકત થતાં હતાં તે દેખાડે છે. આ પુસ્તિકામાં

ભારત તરફ આવતા થોમાની કહાણી સમાયેલી છે. તે કહે છે કે, સુવાર્તા પ્રગટ કરવા દરેક શિષ્યે કયાં જવું તે નક્કી કરવા માટે ચિઠ્ઠીઓ નાખેલી અને થોમાને ભાગે ભારત આવ્યું હતું. ઈસુએ તેને ગભરાવાની ના પાડી, તેવા તેને આવેલા સ્વપ્ન બાદ પણ તેણે ભારત જવાનો ઇન્કાર કર્યો. થોમાએ કહ્યું, "જ્યાં કઈ તું મને મોકલવા માગે છે ત્યાં ગમે તે જગાએ મને મોકલ પરંતુ ભારત તરફ તો હું જઈશ જ નહિ."

તે વખતે ભારતમાંથી એક વેપારી તેના રાજા માટે કામ કરવા એક સુથારને શોધતો યરૂશાલેમ આવ્યો. એક દિવસ ઈસુ તેને મળ્યો અને તેને કહ્યું કે તેની પાસે એક થોમા નામનો ગુલામ છે જે સુથાર છે ને તે તેને વેચવા માટે તૈયાર છે. વેચાણ કરવામાં આવ્યું ને થોમાની સોંપણી તેને કરવામાં આવી. તે ઈસુને સોંપાયેલો હતો તે વાતનો થોમા ઇન્કાર કરી શકયો નહીં અને તેથી તેણે વેપારી સાથે ભારત જવું જોઈએ એ વાતનો તેણે ઈશ્વરની ઇચ્છા તરીકે સ્વીકાર કર્યો.

ભારત પહોંચતાં, થોમાને રાજા પાસે લઈ જવામાં આવ્યો જેનું નામ ગુંદાફોરસ હતું. રાજાએ તેને કહ્યું કે તે તેની પાસે એક મહેલ બંધાવવા માગે છે. તેણે તેને સ્થળ બતાવ્યું અને યોજના મંજૂર રાખવામાં આવી અને રાજાએ તેને કામને સારૂ પુષ્કળ નાણાં આપ્યાં. આમ છતાં થોમાએ રાજા માટે મહેલ બાંધવા માટે નાણાં ન વાપર્યાં અને તે નાણાં જ્યારે તે ઉપદેશ આપવા માટે ચારે તરફ ફરતો ત્યારે જેઓને તે મળતો તેમાં ગરીબો અને જરૂરિયાતવાળા માણસો જણાય તેઓની પાછળ તે ખર્ચતો. જ્યારે રાજાએ મકાનની પ્રગતિ વિષે તેને પૂછ્યું, ત્યારે થોમાએ જવાબ આપ્યો કે કામ ચાલુ છે, પરંતુ, વાસ્તવમાં કોઈ મકાન બાંધવામાં આવ્યું નહોતું, અને બધાં નાણાં ગરીબોને દાન આપવામાં વાપર્યાં હતાં.

આખરે, એક દિવસે રાજાએ તેને નવો મહેલ બતાવવાની માંગણી કરી. થોમાએ ઉત્તર આપ્યો, 'હમણાં તમે તેને જોઈ શકતા નથી પરંતુ જ્યારે તમે આ જીવન તજી દેશો, ત્યારે તમે તે જોશો. આ બાબતથી રાજા ઘણો ગુસ્સે થયો અને બધા લોકોએ થોમા કેવો સંત પુરૂષ હતો, તેવું કહ્યા છતાં તેને મોતની સજા હેઠળ કેદમાં નાખ્યો. કેદમાં થોમા સતત રીતે ઉપવાસ અને પ્રાર્થના કરે છે અને મીઠા સાથે રોટલી ખાય છે, માત્ર પાણી પીએ છે અને ખુશનુમા હવામાન કે શિયાળો હોય તોપણ તે માત્ર એક જ વસ્ત્ર પહેરે છે. તે કોઈપણ વ્યક્તિ પાસેથી કંઈપણ લેતો નથી અને પોતાનું સર્વસ્વ બીજાઓને આપી દે છે.

લગભગ તે સમયે રાજાનો ભાઈ, ગાદ, મરણ પામ્યો અને સ્વર્ગમાં ગયો. ત્યાં તેણે એક મોટો મહેલ જોયો જે વિષે તેને કહેવામાં આવ્યું કે તેના ભાઈ રાજા ગુંદાફોરસ માટે અનામત રાખવામાં આવ્યો છે, વધુમાં તેને એ પણ કહેવામાં આવ્યું કે એ મહેલ પેલા ખ્રિસ્તી થોમાએ રાજા માટે બાંધ્યો છે. શું બન્યું છે તેની ગાદને ત્યાર બાદ જાણ થઈ.

ગાદે આથી પૃથ્વી પર પાછા ફરવાની પરવાનગી માંગી જેથી તે તેના ભાઈને જે મહેલ સ્વર્ગમાં તેના માટે અનામત રાખવામાં આવ્યો છે તેની જાણ કરે. પહેલાં તો ગુંદાફોરસ ગૂંચવણમાં પડી ગયો, પરંતુ પછી તેને ખાતરી થઈ કે તેણે આપેલા જે પૈસા થોમાએ ગરીબોની મદદ માટે વાપરી નાખ્યા હતા તેમાંથી આ મહેલ બાંધવામાં આવ્યો હતો. તેણે તરત જ થોમાને કેદમાંથી મુક્ત કર્યો અને પોતાને ખ્રિસ્તી તરીકે બાપ્તિસ્મા આપવા વિનંતી કરી. ત્યારબાદ તે પ્રખર ખ્રિસ્તી તરીકે જીવ્યો અને થોમાને તેના સર્વ ઉપદેશ અને સુકૃત્યોમાં ટેકો આપ્યો.

લોકવાયકા ચાલે છે કે ત્યાર બાદ થોમા ભારતના બીજા એક ભાગમાં ગયો જ્યાં લોકોને ઉપદેશ આપ્યો તથા સાજાપણું બક્ષ્યું. પરંતુ તેણે મિઝડીઅસ નામના સ્થાનિક રાજાને ગુસ્સે કર્યો અને આથી તેણે એવો હુકમ કર્યો કે તેને નગર બહાર લઇ જવામાં આવે અને ચાર સૈનિકો દ્વારા ભાલા ભોંકીને મારી નાખવામાં આવે.

આ પ્રણાલિકાગત કથાનું સત્ય 'એક્ટસ ઓફ થોમસ' નામના (એપોક્રિફલ) પુસ્તકના લખાણ ઉપર આધારિત છે; પરંતુ આ જાણવું રસપ્રદ છે કે ગુંદાફોરસ અને ગાદ ઐતિહાસિક પાત્રો હતાં અને તેમનાં નામ પંજાબ અને અફઘાનીસ્તાનમાં ખોદકામ કરતાં મળી આવેલા પ્રાચીન સિક્કાઓ ઉપર લખેલાં જોવામાં આવ્યાં છે. આ સિક્કાઓનાં લખાણ ઉપરથી તે પ્રથમ સદીના હોય એમ દેખાય છે અને થોમા સંબંધીની વાતને બંધબેસે છે. આમ છતાં એ લોકો ખરેખર અસ્તિત્વમાં હતા તેટલા ઉપરથી એ આખો પ્રસંગ સત્ય હતો તેવું સાબિત થઈ શકતું નથી.

## દક્ષિણ ભારતમાં

આ લોકવાયકા કેરાલાના ખ્રિસ્તીઓના શરૂઆતના દિવસોમાંની દઢ માન્યતા ઉપર મોટો આધાર રાખે છે. અને તે પાછળ આવતી પેઢીઓમાં દંતકથાના રૂપમાં ચાલતી આવે છે; તેમ છતાં કોઈ સમકાલીન લખાણમાં તેનો ઉલ્લેખ નથી. આ લોકવાયકા મુજબ ઈ. સ. પર માં થોમા ભારતના પશ્ચિમ કિનારે આવ્યો અને ક્રાંગનોર (કોચીનથી દૂર નહિ) ઊતર્યો. તેણે ઉપદેશ આપ્યો અને ત્યાં તથા આજુબાજુનાં સ્થળોમાં ઘણા બાપ્તિસ્મા પામ્યા. આ કાર્ય ચાલુ રાખવા કેટલાક માણસોને નિયુક્ત કર્યા બાદ થોમા પૂર્વ કાંઠે ગયો, અને હાલના મદ્રાસ શહેરના ભાગ માયલાપોરમાં ઉપદેશ આપ્યો. અહીં તેજ સાક્ષીને પરિણામે રાજા અને ઘણા બીજા પણ ધર્માંતર

પામ્યા. કેટલાક હેવાલો એમ જણાવે છે કે માયલાપોર પાછા ફરતાં પહેલાં તે પૂર્વ તરફ આગળ બ્રહ્મદેશ અને ચીન સુધી પણ ગયો.

તેના ઉપદેશની ચાલુ રહેલી સફળતા ધર્મિષ્ઠ હિંદુઓ તરફથી દુશ્મનાવટ વધારવાનું નિમિત્ત બની, અને ઈ.સ. ૭૨ માં શહેરની દક્ષિણે આશરે પાંચ માઈલ દૂર આવેલી ગુફામાં છુપાતી વખતે તેના પર હુમલો કરવામાં આવ્યો. ગુસ્સે ભરાયેલા એક ટોળાએ તેનો પીછો પકડતાં ત્યાંથી બે માઇલ દૂર દક્ષિણે આવેલી ટેકરી પર તે નાસી ગયો. આખરે તેઓએ તેને ત્યાં પકડી પાડયો અને ભાલાથી તેનું ખૂન કર્યું. આ ટેકરી આજે સેન્ટ થોમસ માઉન્ટ તરીકે જાણીતી છે.

આ લોકવાયકા વધુમાં કહે છે કે થોમાને માયલાપોરમાં દફનાવવામાં આવ્યો, પરંતુ બીજી સદીમાં મોટા ભાગના તેના અવશેષને એડેસા લઈ જવામાં આવ્યો હતો અને કેટલાક સમય બાદ ઇટાલીમાં ઓર્ટોના ખાતે ખસેડવામાં આવ્યો હતો.

હજુપણ અસ્તિત્વ ધરાવતો પહેલવહેલો લેખિત ઉલ્લેખ ફક્ત સોળમી સદીથી જ છે—પરંતુ પહેલવહેલી નોંધની ગેરહાજરીમાં પણ ઘણા કહેશે કે ચાલુ મૌખિક વાયકાઓ, વાર્તાને નોંધપાત્ર ટેકો આપવા પૂરતા પ્રમાણમાં સમર્થ છે.

કેટલાક લેખકો આ વાયકાઓ પૈકી બે અથવા ત્રણને પણ જોડે છે. કેટલાક એવો દાવો કરે છે કે, થોમા પહેલાં પાર્થિયા ગયો અને ત્યાર બાદ ઉત્તર ભારતમાં અને પાછળથી દક્ષિણ ભારતમાં આવ્યો.

## ટેકો આપતી વધુ હકીકતો

(૧) જોકે થોમા જાતે ભારત આવ્યો ન હોય, છતાં ઓછામાં ઓછું બીજી સદીથી ભારતમાં ખ્રિસ્તીઓ હતા અને ત્યારથી જ

ખ્રિસ્તી મંડળીએ અહીં મજબૂત પાયો નાખેલો હતો તેના વજનદાર પુરાવા મળે છે.

એમ સાબિત કરવામાં આવ્યું છે કે પહેલી સદીમાં પણ ભૂમધ્ય દેશો અને ભારત વચ્ચે નોંધપાત્ર વેપાર ચાલતો હતો. રોમન સિક્કા મળી આવ્યા છે અને પશ્ચિમ કિનારા સાથે ખરેખરી રીતે કરેલ સમુદ્રની મુસાફરીના અહેવાલો છે. આથી એમ કહી શકાય કે મુસાફરીના શરૂઆતના દિવસોમાં પણ પ્રેરિતને અહીં આવ્યા હોવાનું અશક્ય ન હોઇ શકે. જો તે થોમા ન હોય તો તે કદાચ કોઈ ખ્રિસ્તી વેપારી કે ખલાસી હશે જે અહીં સુવાર્તા લાવ્યો અને ઉપદેશ કરી શક્યો.

(૨) પથ્થરના વધસ્તંભો જુદી જુદી જગાએથી મળી આવે છે, દા. ત. ઉત્તર પશ્ચિમ પાકિસ્તાનમાં તક્ષિલાએથી, અને તે બીજી સદીના અંતમાં અથવા ત્રીજી સદીની શરૂઆતમાં હોવાનું ઓળખાવાય છે: તેથી ત્યાં સુધીના ખ્રિસ્તીઓ ત્યાં હોવા જ જોઈએ.

(૩) ત્રીજી સદીની લેખિત નોંધોમાં મલબાર કિનારે વસેલા ખ્રિસ્તી સમાજ સંબંધી ઉલ્લેખો છે અને તેમાં થોમાના નામનો કેટલીકવાર ઉલ્લેખ કરવામાં આવેલો છે. આમ છતાં કોઇપણ ભાગ સાથે તેનો દૃઢ સંબંધ હોય તેવું નથી.

(૪) ચોથી સદીના અંતથી કેટલાક ખ્રિસ્તી લેખકો થોમા અને ભારતના સંબંધનો ઊડતો ઉલ્લેખ કરે છે. ઉદાહરણ તરીકે એમ્બ્રોસ અને જેરોમ, પરંતુ તેઓ ઊંડી વિગતો આપતા નથી, લગભગ તે જ વખતે એફ્રાઈમે થોમાના માનમાં કેટલાંક ભજનો લખ્યાં અને તેમાં એડેસામાં તેનાં હાડકાં લાવવાનું અને ત્યારબાદ તેને કારણે બનેલ ચમત્કારોનો અને તેના ભારતમાંના ઉપદેશનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

(૫) છઠ્ઠી સદીની શરૂઆતમાં એક સંશોધકે મલબારમાં જ્યાં મરી ઊગે છે ત્યાં ખ્રિસ્તીઓના વસવાટનો હેવાલ આપ્યો છે.

(૬) છઠ્ઠી સદીના ઉત્તરાર્ધમાં ફ્રાન્સમાં બિશપ ગ્રેગરીનને કોઈક થિયેડોર નામની વ્યક્તિએ કહ્યું કે જ્યાં થોમાને દાટવામાં આવ્યો ત્યાં મઠ અને દેવળ છે. તેણે જાતે તે જોયું હોવાનો દાવો કર્યો પરંતુ કઈ જગાએ છે તે ઓળખી શકાઈ નહોતી.

(૭) જ્યારે ઇટાલિયન પ્રવાસી માર્કો પોલો ઇ. સ. ૧૨૮૮ અને ૧૨૯૦માં દક્ષિણ ભારતમાં આવ્યો ત્યારે તેને 'કોઈક નાના નગર'માં (નામ નથી) થોમાની હોવાનું મનાતી એક કબર બતાવવામાં આવી. તેણે શોધી કાઢયું કે તે ખ્રિસ્તીઓ અને મુસ્લીમો બન્ને માટે યાત્રાનું સ્થળ હતું તેવું તેની નોંધમાં તેણે તેનું વર્ણન કર્યું.

(૮) ઈ. સ. ૧૪૯૮ માં જ્યારે વાસ્કો ડા ગામા ભારતમાં આવ્યો ત્યારે મલબારમાં તેણે વિકસતી મંડળી જોઈ. જ્યારે પોર્ટુગીઝોએ માયલાપોરની મુલાકાત લીધી ત્યારે એક મુસ્લીમે તેઓને થોમાની કબર પર બાંધ્યું હોવાનું મનાતું એક દેવળ દેખાડયું. તેઓએ તેને "સાન થોમે" નામ આપ્યું. ત્યાર બાદના પ્રવાસીઓ પણ આ વિષે કહે છે.

**એક મજબૂત સંભાવના**

આ કમનસીબી છે કે થોમા વિષેની એક અથવા આમાંની બધી દંતકથાઓના સત્યને સ્થાપિત કરવા માટે કોઈ સમકાલીન નોંધો નથી. સુવાર્તાના લેખકોનો પુરાવો મજબૂત ટેકો આપે છે કે થોમા નામનો પ્રેરિત હતો અને તેની પ્રકૃતિ વિષે કંઇક કહેવામાં આવ્યું છે.

પરંતુ પાછલાં વર્ષોમાં તેને શું થયું તેનો કોઈ આધારભૂત પુરાવો નથી. જેઓએ પ્રાસંગિક દસ્તાવેજોનો અભ્યાસ કર્યો છે તેવા મોટા ભાગના સ્કોલરોએ દર્શાવેલા સામાન્ય ઉપસંહાર પરથી લાગશે કે આ દંતકથાઓ વિશે કશું અશક્ય નથી. ઘણા કહેશે કે પાછળથી લખેલા પુરાવાઓ લક્ષમાં લેતાં મંડળીઓમાં ચાલી આવેલી દૃઢ દંતકથાઓ તેને 'મજબૂત સંભાવના" બનાવવા માટે પૂરતી છે.

૩

# થોમા દ્વારા આપણને પ્રભુ ઇસુનું વચન

## મારા સ્વામી અને મારા દેવ

આ મહાન કબૂલાત થોમાના જીવનની પરાકાષ્ટા હતી; અને ભારતમાં હોય કે બીજા સ્થળે પરંતુ એ વિશ્વાસ બાદ જ પ્રેરિત તરીકેની તેની તમામ પ્રવૃત્તિઓ આવી.

આ કબૂલાત યોહાનની સુવાર્તાની પણ પરિસીમા છે. અધ્યાય ૨૦ : ૩૧–૩૧ માં તે કહે છે કે સુવાર્તા લખવાનો હેતુ તેના વાચકોને 'ઇસુ તે ખ્રિસ્ત, દેવનો પુત્ર છે,' તેવું માનવા શક્તિમાન કરવાનો છે અને થોમા તે માન્યતા પર કેવી રીતે આવ્યો તે બતાવવાનો છે.

તદુપરાંત જેઓએ ઇસુને દેહમાં જોયો તેવા પુરૂષો અને સ્ત્રીઓનો વિશ્વાસ અને તેમના અનુભવો જે સુવાર્તાઓમાં વર્ણવેલા છે તેઓ અને જેઓ ત્યારબાદ જીવ્યા તેઓની વચ્ચે થોમાનો અનુભવ અગત્યની કડી સમાન છે. એક મર્યાદિત સંખ્યાએ તેને જોયો, તેના શિક્ષણ અને ચમત્કારોની સાક્ષી આપી અને પુનરૂત્થાન બાદ તેને જોયો અને તે ઇશ્વરપુત્ર અને આવનાર મસીહ છે તેવો વિશ્વાસ તેમણે કર્યો. આમાં થોમા તથા અન્ય શિષ્યો હતા. તેઓએ જે જોયું તેમાંથી તેમની શ્રદ્ધા ફૂટી નીકળી. પરંતુ ઇસુએ કહ્યું, "જેઓએ જોયા વિના વિશ્વાસ કર્યો છે તેઓને ધન્ય છે". આ રીતે જેઓ તેના પર પાછળથી વિશ્વાસ કરશે તેમના પર તેના આશીર્વાદનું વચન તેણે આપ્યું, અને તે વચન સદીઓથી તે હમણાં સુધી સત્ય પૂરવાર થયું છે.

વિશ્વાસ કરવામાં મદદરૂપ થવા ઇસુના ભૌતિક દેખાવ કે અલૌકિક દર્શનની આપણને જરૂર નથી. એ તો વિશ્વાસની બાબત છે, અને આપણામાં કામ કરતો પવિત્ર આત્મા જ તે વિશ્વાસ

સ્થાપન કરી શકે છે. ઈસુએ જ્યારે તેના શિષ્યો ઉપલી મેડીમાં (યોહાન ૧૫ : ૨૬) હતા, ત્યારે પિતર (માથ્થી ૧૬ : ૧૭) અને સર્વ શિષ્યોને આ કહ્યું હતું. પાઉલે પણ આ જ અનુભવની સાક્ષી આપી (૧ કોરીંથી. ૨ : ૧૦ અને ૧૨ : ૩).

ઈસુનું દર્શન ઘણા ઓછાને થાય છે પરંતુ આપણે સર્વ જેમણે જોયું નથી છતાં વિશ્વાસ કર્યો છે તેઓ તેનો આશીર્વાદ અનુભવે છે. થોમાની માફક આપણે પવિત્ર આત્માના પરાક્રમના ભાગીદાર છીએ; અને આપણા સ્વામીની સાક્ષી, આપવાથી થતો આનંદ માણી શકીએ છીએ. વધુમાં આપણે સંત થોમાના દિન નિમિત્તે સી. એસ. આઈ. પ્રાર્થનાગૃહોમાં જેમ ખાસ પ્રાર્થના કરીએ છીએ તેમ આપણે બધાં ગંભીરતાથી પ્રાર્થના કરી શકીએ કે આ અનુભવનો બીજાઓ પણ આનંદ માણી શકે.

હે સર્વશક્તિમાન ઈશ્વર, તેં પ્રેરિત થોમાને તારા દેહધારી પુત્રને તેના ઉત્થાનના મહિમામાં પ્રગટ કર્યો, અમે પ્રાર્થીએ છીએ કે અમારા પ્રદેશના લોકો તેને પોતાના સ્વામી અને દેવ તરીકે સ્વીકારે જેથી તેની મારફતે તારી ગમ આવતાં તેઓ વિશ્વાસ કરે અને તારા નામમાં જીવન પામે. આ અમે અમારા તારનાર પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામમાં માગીએ છીએ.

આમેન

# ચર્ચા માટે પ્રશ્નો

૧. ઈસુએ તેના પ્રથમ શિષ્યોને તેડયા તેના બે હેતુઓ કયા હતા (માર્ક ૩ : ૧૪)? આજે આપણને આ દરેક કેવી રીતે લાગુ પડે છે? આ તેના હેતુઓ આપણે કેટલી હદે અમલમાં મૂકી શકીએ?

૨. આજે કઇ રીતે મંડળી પ્રેરિતોના પાયા ઉપર બંધાએલી છે (એફેસી. ૨ : ૨૦; પ્રકટીકરણ ૨૧ : ૧૪)? મંડળી શું છે અને કેવી હોવી જોઇએ એ બાબત સમજવા શું આ મદદરૂપ બને છે?

૩. થોમાએ કહ્યું : "ચાલો, આપણે તેની સાથે જઇએ." આજે ઈસુ કઇ પરિસ્થિતિઓમાં જાય છે? શું આપણે તેની સાથે ત્યાં જઈએ છીએ? આપણને સાથે જતાં કઇ બાબત અટકાવે છે?

૪. તેને વફાદાર રહેવા માટે આજે આપણે કઈ રીતે મૃત્યુને ભેટવા તૈયાર રહેવું જોઇએ?

૫. યોહાન ૧૪ : ૬ માં થોમાને ઈસુએ આપેલ જવાબ વાંચો. પાછળથી પિતરે ઈસુના સંબંધમાં જાહેર કર્યું: "બીજા કોઇથી તારણ નથી" (પ્રે. કૃત્ય ૪ : ૧૨). આ દાવો અન્ય ધર્મ પાળનાર કોઇ વ્યક્તિને લાગુ પડે એમ કેવી રીતે બતાવી શકીએ?

૬. સ્વીકારાએલી માન્યતાઓમાં શંકા લાવવાનું સ્થાન છે? પ્રમાણિક શંકાનો અર્થ શો? ટેનીશનની સાથે તમે સંમત થાઓ છો કે? : "પ્રમાણિક શંકામાં રહે છે વિશ્વાસ વધુ;
મારા પર વિશ્વાસ કરો, અડધા કાનૂનથી વધુ".

૭. જો ઈસુ આજે જીવતો હોય તો કઈ બાબતો આપણને શંકા લાવવા કારણભૂત બને છે? જેઓ શંકા લાવે છે અથવા ઈન્કાર કરે છે તેઓને આપણે કઈ રીતે મદદ આપી શકીએ?

૮. વધસ્તંભે જડાયાનાં ચિહ્નો જોઇ થોમાએ ઈસુ પર સ્વામી અને દેવ તરીકે વિશ્વાસ કર્યો. શું આ બાબત આપણને મદદરૂપ

થાય? જો તેમ થાય તો કેવી રીતે? ૧ કોરીંથી. ૧ : ૨૩–૨૪માં પાઉલ પોતાનો અનુભવ જણાવે છે તેની ચર્ચા કરો.

૯. થોમાની કબૂલાત "મારા પ્રભુ અને મારા દેવ" તમારા પોતાના શબ્દોમાં મૂકો.

૧૦. 'ઇસુ વિષે જાણવું' અને 'ઇસુને જાણવો' તે વચ્ચેનો તફાવત બતાવો. ઈસુને આજે ઓળખવાનું આપણા માટે શકય છે? જો તેમ હોય તો તે અનુભવ આપણે કેવી રીતે પામી શકીએ?

૧૧. જ્યારે અન્ય શિષ્યોની સાથે હતો ત્યારે થોમા અનુભવ પામી શકયો. આજે આ તક પૂરી પાડવા આપણે મંડળીને કેવી રીતે મદદ કરી શકીએ?

૧૨. થોમા જ્યારે પાછો માછલાં પકડવા ગયો ત્યારે ઈસુ તેની પાસે આવ્યો. આપણાં રોજીંદાં કાર્યોમાં ઈસુનો સાક્ષાત્કાર આપણને કઈ રીતે થાય છે?

૧૩. થોમાના ચારિત્ર્યનાં કયાં તત્ત્વોની ખ્રિસ્તીઓમાં આજે જરૂર છે? તે પ્રદર્શિત કરવા આપણે પોતાની જાતને અને બીજાંઓને કઈ રીતે મદદરૂપ થઈ શકીએ?

## પ્રવૃત્તિઓ

૧. આધુનિક થોમાનું કાલ્પનિક જીવનચરિત્ર લખો.

૨. ઈસુના શબ્દો, "હું માર્ગ છું" પર આધારિત સવારની ભજનસેવા માટેની પદ્ધતિ તૈયાર કરો.

૩. થોમા જ્યારે હાજર ન હતો ત્યારે ઈસુએ દર્શન આપ્યું હતું તેવું શિષ્યોએ થોમાને કહ્યું. ત્યાર બાદનો થોમા અને અન્ય શિષ્યો વચ્ચેનો સંવાદ લખો.

૪. તમે થોમા છો તેવું સમજીને ખજૂરીના રવિવાર અને પચાસમાના દિવસ વચ્ચેના બનાવો તેમ જ તેઓ વિષે તમારા અનુભવો દર્શાવતી ડાયરી લખો.

૫. ઈસુ સાથેના શિષ્યોના જીવન વિષે નીચેના ફકરાઓ વાંચો:
લુક ૬ : ૧૨–૧૯; માર્ક ૪ : ૧–૨૦; ૬; ૧–૨; ૬ : ૭–૧૩;
માર્ક ૮ : ૨૭–૩૧; લુક ૬ : ૧–૫: ૮ : ૨૨–૨૫; ૧૧ : ૧–૪;
માથ્થી ૨૦ : ૧૭–૧૯; માર્ક ૯ : ૩૩–૩૭; લુક ૧૦ : ૧–૨૦.

થોમા અને અન્યને ઈસુએ જે પ્રકારની તાલીમ આપી તેનું વર્ણન કરો. એ તાલીમ થોમાને ત્યારબાદ કેવી રીતે મદદરૂપ બની?

૬. પુનરૂત્થાન પામેલા ઈસુનો થોમાને થયેલો અનુભવ અને આપણે પણ તેના વચનના ભાગીદાર બનીએ તે પર આધારિત ગીત કે ગીતકાવ્ય લખો.

૭. થોમાના જીવનમાંના મહત્ત્વના બનાવો સમજાવવા ચિત્રોની એક શ્રેણી દોરો.

૮. થોમા તરફથી તેના ગાલીલના એક મિત્રને પત્ર લખો જેમાં પોતાના જીવનમાં કોઈ એક પ્રસંગે (અથવા પ્રસંગોએ) શું બન્યું, અને તેને કારણે ઈસુ પ્રત્યેના તેના દૃષ્ટિબિંદુને કેવી અસર પહોંચી તેનું વર્ણન કરો.

૯. પવિત્ર આત્મા તથા વ્યક્તિના જીવન પર તેની અસરો વિષે બાઇબલના ફકરાઓમાંથી તમે કરી શકો તેટલી હકીકતો એકત્ર કરો અને પચાસમાના દિવસ પછી થોમા કેવા પ્રકારની વ્યક્તિ બને છે તેનું વર્ણન કરો.

(ઉદાહરણ માટે જુઓ, યોહાન ૧૪ : ૧૬–૨૭; ૧૬ : ૭–૧૪; પ્રે. કૃત્ય ૧ : ૪–૮; ૨ : ૧–૪; ૨ : ૩૮–૪૨; ગલાતી ૫ : ૨૨–૨૩; રૂમી. ૮ : ૧–૧૭; ૨૬–૨૭).

૧૦. કેટલાંક બંધએસતાં ગીત શીખો.

**અથવા**

સામાન્ય ગીતો જેવાં કે— ૧૮૭, ૨૭૧, ૩૦૧.

The Gujarat christian Literature Board is grateful to the authors and the CLS Madras, for granting permission to translate and publish the Booklet "My Lord and My God" in Gujarati.

Secretary, G. C. L. B.

**ગુજરાત ટ્રાકટ એન્ડ બૂક સોસાયટી તરફથી પ્રસિદ્ધ કરાએલાં પ્રકાશનો**

| | |
|---|---|
| ૧. સાચું જીવન | ૦–૭૫ |
| ૨. સાચું મોતી | ૦–૭૫ |
| ૩. હૃદયપલ્ટો વિશ્વપલ્ટો | ૧–૦૦ |
| ૪. મરણ પછી માણસના આત્માની શી ગતિ થશે? | ૦–૧૫ |
| ૫. સુસમાચાર | ૦–૨૦ |
| ૬. એક પાંચિયામાં શું? | ૦–૧૦ |
| ૭. ચોથા માગીની કથા (પ્રેસમાં) | ૧–૨૫ |
| ૮ સાધુ સુંદરસિંગ (પ્રેસમાં) | ૧–૨૫ |

**પ્રથમ આવૃત્તિ – નકલ ૫૦૦૦**

પ્રકાશક : ગુજરાત ટ્રાકટ એન્ડ બૂક સોસાયટી, સાહિત્ય સેવા સદન, એલિસબ્રિજ, અમદાવાદ–૩૮૦ ૦૦૬

મુદ્રક : કાન્તિલાલ ડાહ્યાભાઈ પટેલ, મંગલ મુદ્રણાલય, રતનપોળ, અમદાવાદ

કિંમત : ૦–૩૦ પૈસા

1BGM2